

# સૌન્દર્ય અને સાહસનું સંયોજન એટલે લેફ્ટનન્ટ કશિશ મેથવાની



**સુંદરતાનો તાજ મેળવ્યા બાદ દેશસેવાનો કઠોર રસ્તો અપનાવીને લેફ્ટનન્ટ કશિશે સફળતાની નવી પરિભાષા આપણને આપી છે. લેફ્ટનન્ટ કશિશ મેથવાનીએ દરેક ક્ષેત્રમાં સફળતાનાં શિખરો સર કર્યાં હતાં, પછી તે સ્પોર્ટ્સ હોય કે શૈક્ષણિક ક્ષેત્ર હોય, સૌંદર્યની સ્પર્ધા હોય કે ચાતુર્યની કે પછી સાહસની... દરેક ક્ષેત્રને પૂરેપૂરા સમર્પણ, મહેનત અને સફળતાપૂર્વક પાર કર્યું છે. તેણે ફક્ત સ્ટાર બનવાનાં સપનાં ન જોયાં, તેણે પોતાના યુનિફોર્મ પર સ્ટાર અંકિત કરવાનાં સપના જોયાં**

સામાન્ય રીતે બ્યૂટી કોન્ટેસ્ટમાં જીતેલી વ્યક્તિ ગ્લેમર વર્લ્ડમાં જ પ્રવેશ કરે છે. ભાગ્યે જ કોઈક એવું હોય કે જેણે મિસ ઈન્ડિયાનો તાજ પહેર્યો હોય અને પછી તે દેશસેવા માટે યુનિફોર્મ પહેરવાનું પસંદ કરે. ગ્લેમરની ચમકતી દુનિયામાં જીવવાને બદલે યુનિફોર્મ પર જેણે સિતારા ચમકાવવાનું નક્કી કર્યું હોય તે વ્યક્તિ ખરેખર અદ્ભુત મનોબળ અને અદમ્ય સાહસ ધરાવતી હોય તે વાત તો નિશ્ચિત જ છે. જી હા, મિત્રો આજે આપણે વાત કરીએ છીએ ભૂતપૂર્વ મિસ ઈન્ડિયા કશિશ મેથવાની વિશે કે જેણે ગ્લેમરનો સુંવાળો તાજ મેળવ્યા બાદ ભારતીય આર્મી ઓફિસર બનવાનો કઠોર રસ્તો અપનાવ્યો.

૯ જાન્યુઆરી, ૨૦01 ના રોજ મુંબઈના ઉલ્હાસનગરમાં સિંધી પરિવારમાં જન્મેલી કશિશના પિતા સાયન્ટીસ્ટ છે અને માતા આર્મી પબ્લિક સ્કૂલમાં શિક્ષિકા છે. આમ, જે ઘરના વાતાવરણમાં શિક્ષણ અને દેશસેવાના રંગો વ્યાપેલા હોય તેમાં કશિશનો ઉછેર થયો અને એટલે સ્વાભાવિક છે કે કશિશ પણ તે બંને રંગોમાં રંગાયેલી હોય! નાનપણથી જ કશિશ શૈક્ષણિક, સંસ્કૃતિક અને રમતગમત એમ બધાં જ ક્ષેત્રોમાં આગળ પડતી હતી. પછી તે ભારતનાટ્યમ હોય કે બાસ્કેટ બોલ હોય, વકતૃત્વ સ્પર્ધા હોય કે ડીબેટ કોમ્પીટીશન હોય કશિશ દરેક ક્ષેત્રમાં પોતાનું શ્રેષ્ઠ આપતી હતી. તેણે નેશનલ લેવલે પણ બાસ્કેટબોલની સ્પર્ધા અને રાઈફલ શૂટીંગમાં પણ ભાગ લીધો હતો. આ બધાની સાથે સાથે શૈક્ષણિક ક્ષેત્રે પણ તેનું શ્રેષ્ઠ પ્રદર્શન રહેતું હતું. તેણે સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટીમાંથી માસ્ટર્સ ઈન બાયોટેકનોલોજી અને બેંગ્લોરની ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ [IISc] માંથી ન્યુરોસાયન્સમાં રીસર્ચ પણ કર્યું. ૨૦૨૦માં કશિશે ક્રીટીકલ કોઝ નામની એક NGO પણ શરૂ કરી હતી જે પ્લાઝમા, બ્લડ અને ઓર્ગન ડોનેશનને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરતી હતી. આમ, સેવાભાવ કશિશના લોહીમાં જ હતો . બસ, જરૂર હતી તો યોગ્ય સમય આવવાની અને સાચી દિશા મળવાની. ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી હોવા છતાં તેનું એક અલગ જ સપનું હતું જે તેણે બાળપણથી સેવ્યું હતું અને તે હતું મિસ ઈન્ડિયા બનવાનું. ૨૦૨૩ માં તેણે પોતાની પ્રતિભા અને આત્મવિશ્વાસથી મિસ ઈન્ટરનેશનલ ઈન્ડિયાનો તાજ મેળવ્યો. જો કે ઘણાને માટે આ તાજ જાણે સફળતાના શિખર સમાન હોય છે પરંતુ કશિશ માટે હજી આવાં ઘણાં શિખરો સર કરવાનાં બાકી હતાં.




મોટાભાગે બધાં એમ જ વિચારતા હશે કે રીસર્ચ કર્યું છે તો ચોક્કસ PhD ની ડીગ્રી મેળવી હશે અથવા તો મિસ ઈન્ટરનેશનલ ઈન્ડિયા બની હશે તો એક્ટિંગ કે ગ્લેમર વર્લ્ડમાં પોતાની કારકિર્દી બનાવવા આગળ વધી હશે પરંતુ, કહેવાય છે ને કે જે આઉટ ઓફ ધ બોક્સ વિચારી શકે તે ચોક્કસ જીવનમાં સફળતા મેળવે છે. ગાડરિયા પ્રવાહની જેમ કશિશે આમાંનું એક પણ ક્ષેત્ર પસંદ ન કર્યું. બલકે તેને એક્ટિંગની, જાહેરાતોની અને મોડેલીંગની પણ ઘણી ઓફર મળતી હતી જે તેણે ફગાવી દીધી. આ ઉપરાંત, હાવર્ડ યુનિવર્સિટી તરફથી PhD ની ડીગ્રી મેળવવા માટે પણ તેને ઓફર મળી હતી જે છોડીને કશિશે દેશસેવાનો રસ્તો પસંદ કર્યો. કશિશના કહેવા પ્રમાણે, ‘મિસ ઈન્ડિયા બનવું તેનું સપનું હતું પરંતુ તેને કારકિર્દી તરીકે ક્યારેય જોયું ન હતું.’ ૨૦૨૪માં સીડીએસ કે જે દેશની સૌથી વધારે કોમ્પીટીટીવ ડીફેન્સ એન્ટ્રન્સ ટેસ્ટ હોય છે તેની પરીક્ષા કશિશે આપી અને તેમાં ઓલ ઈન્ડિયા રેન્ક ૨ સાથે ટોચનું સ્થાન મેળવ્યું. તેણે ચેન્નઈ માં ઓફિસર્સ ટ્રેનીંગ એકેડમીમાંથી ૧૧ મહિનાની કઠોર ટ્રેનીંગ લીધી અને હાલ, ઈન્ડિયન આર્મીની એર ડીફેન્સ રેજીમેન્ટમાં લેફ્ટનન્ટ તરીકે ફરજ બજાવી રહી છે. પોતાની કારકિર્દીની પસંદગી વિષે જણાવતાં કશિશ કહે છે કે તેની NCCની ટ્રેનીંગે તેને આ ક્ષેત્ર પસંદ કરવા માટે ઘણી પ્રેરણા આપી છે. તેણે પ્રજાસતાક દિને દિલ્હીમાં પરેડ પણ કરી હતી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઓલ ઈન્ડિયા બેસ્ટ કેડેટનું સન્માન પણ મેળવ્યું હતું. આ વિષે કશિશ વધુમાં જણાવે છે કે, ‘‘પ્રજાસત્તાક દિને પરેડ કરવી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે બેસ્ટ કેડેટનો ખિતાબ મેળવવો આ બધું મને મારી ચોક્કસ દિશા તરફ લઈ ગયું. મને સ્પષ્ટ થઈ ગયું હતું કે હું આર્મી માટે જ બની છું.’’ ઓફિસર્સ ટ્રેનીંગ એકેડમીમાં પણ કશિશે પોતાનું સ્થાન અવ્વલ જ રાખ્યું હતું. કશિશે AAD [આર્મી એર ડીફેન્સ] મેડલ્સ મેળવ્યા હતા, શીખ રેજીમેન્ટ મેડલ, તેમ જ માર્ચીંગમાં અને શૂટીંગમાં ગોલ્ડ મેળવ્યો હતો. તેણે ઝીરો પનીશમેન્ટ સાથે શૂટીંગમાં ટોપ સ્કોર મેળવ્યો હતો અને ડ્રીલ બેજ [એટલે કે, પરેડમાં પણ અસાધારણ પ્રદર્શન કરનાર] તરીકે આગવું સ્થાન મેળવ્યું હતું. હાલમાં ,જે આર્મી એર ડીફેન્સ રેજીમેન્ટમાં લેફ્ટનન્ટ કશિશ મેથવાની ફરજ બજાવી રહી છે તે રીજીમેન્ટે ભારતના ઓપરેશન સિંદૂરને સફળ બનાવવા માટે મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

વૈવિધ્ય




સુંદરતાનો તાજ મેળવ્યા બાદ દેશસેવાનો કઠોર રસ્તો અપનાવીને લેફ્ટનન્ટ કશિશે સફળતાની નવી પરિભાષા આપણને આપી છે. સાચે જ કહેવાયું છે કે ‘ખુદ હી કો કર બુલંદ ઈતના કી ખુદા ખુદ તુજસે પૂછે કી બતા તેરી રઝા કયા હે?’ લેફ્ટનન્ટ કશિશ મેથવાનીએ દરેક ક્ષેત્રમાં સફળતાનાં શિખરો સર કર્યાં હતાં, પછી તે સ્પોર્ટ્સ હોય કે શૈક્ષણિક ક્ષેત્ર હોય, સૌંદર્યની સ્પર્ધા હોય કે ચાતુર્યની કે પછી સાહસની દરેક ક્ષેત્રને પૂરેપૂરા સમર્પણ, મહેનત અને સફળતાપૂર્વક પાર કર્યું છે. આખરે, તેણે તેનો મનગમતો રસ્તો અપનાવ્યો. તેણે ફક્ત સ્ટાર બનવાનાં સપનાં ન જોયાં, તેણે પોતાના યુનિફોર્મ પર સ્ટાર અંકિત કરવાનાં સપના જોયાં. તેણે સબિત કરી બતાવ્યું છે કે સૌન્દર્ય, ચાતુર્ય અને સાહસ ત્રણેય એક સાથે એક સ્ત્રીમાં હોય શકે છે અને તે ઈચ્છે તે દિશામાં પોતાની સફળતાનો પરચમ લહેરાવી શકે છે.



